**ગાંધીધામ મહાનગરપાલિકા**

**પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ – કચ્છ. પીન.૩૭૦૨૦૧**

---

**તા.૦૭/૦૨/૨૦૨૬**

**"અખબારી યાદી"**

## ગાંધીધામ મહાનગરપાલિકાના મેઘપર (બોરીચી) અને મેઘપર (કુંભારડી) વિસ્તારમાં રાજય સરકારશ્રી દ્વારા રૂ.૧૦૪.૦૦ કરોડના ભૂગર્ભ ગટર યોજનાના કામોની સૈધાંતિક મંજુરી

ગાંધીધામ મહાનગરપાલિકાના મેઘપર બોરીચી અને મેઘપર કુંભારડી વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્કના અભાવના લીધે ગંદકી તેમજ ગટરના પાણી ભરવાના પ્રશ્નો મોટા પ્રમાણમાં ઉપસ્થિત થાય છે. જે સમસ્યાના નિવારણ માટે ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા સમગ્ર મેઘપર વિસ્તારની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી માટે રાજ્ય સરકારશ્રીમાં અંદાજે ૧૯૨ કિમી ની નવી ગટર લાઈન તેમજ પમ્પીંગ સ્ટેશન (રોડ રીસ્ટ્રોરેશન સહિત) ની કામગીરી માટે રૂ.૧૦૪ કરોડનો માસ્ટર પ્લાન તૈયાર કરાવી દરખાસ્ત કરવામાં આવેલ, જે દરખાસ્ત ને સરકારશ્રી દ્વારા સૈધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. મહાનગરપાલિકા દ્વારા આ કામના ટૂંક સમયમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે, અને આ પ્રોજેક્ટ અંદાજીત દોઢ થી બે વર્ષમાં પૂરો કરવામાં આવશે.

જનસંપર્ક અધિકારી